णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# દીક્ષા ધારા

## પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

## ધર્મબિન્દુ - અણગાર ધર્મ - ચતુર્થ અધ્યાય

## વાચના ૨૬-૩૦

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

૨૨.૦૯.૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ- વાચના-૨૬

પૂજ્ય હરીભદ્રસૂરીજી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથના ચોથા અધ્યાયના બાવીસમાં સુત્રમાં, દીક્ષાર્થી આવે ત્યારે શું કરવું એની વિધિ બતાવતા-કહે છે,

आचारकथनपरीक्षादिर्विधिः।

ટીકાકાર શ્રી મુનિચંદ્રસૂરી મહારાજ, લખે છે,

आरम्भनिवृत्तानां पुनरिह परभवे च परमः कल्याणलाभः।

તમે દીક્ષા લેશો એટલે અઢાર પાપસ્થાનક, તમારા રસોડા, તમારા ધંધા, તમારી બાઈક, તમારી કાર, તમારી ELECTRICITY, તમારા-PETROL ના USE, તમારી અજયણા આ બધું જ આરંભ સ્વરૂપ છે, હિંસા સ્વરૂપ છે, એ બંધ રહેશે, એટલે

આ લોક અને પરલોકમાં તમને ખુબ જ લાભ થશે!

જે રીતે જિનેશ્વર ભગવંતોની આજ્ઞા-ની સમ્યગ્ આરાધના કરવામાં આવે, તો જેમ મોક્ષ મળે, બરાબર એ જ રીતે જો એની વિરાધના કરવામાં આવે, તો સંસારના ફળસ્વરૂપ એ દુઃખદાયી પણ થાય.

એક રાજા છે, રાજાની બરાબર મૈત્રી કરાય, ભક્તિ કરાય, સ્તુતિ કરાય, પ્રશંસા કરાય, અનુકૂળ વર્તન કરાય. તો સાત પેઢીનું દળદર પણ ફીટી જાય. જ્યારે રાજદરબારમાં-જઈને રાજા પ્રત્યે મેં જરાક મશ્કરી જેવું હસી લેવાય, રાજાની મશ્કરી કરે નિંદા કરે, કંઈક-અવજ્ઞા કરે, પરિવારની સાથે રાજા કદાચ મારી પણ નાખે.

સંયમ ભુવન, ઓઘો, સર્વવિરતિ, એક અપેક્ષાએ રાજા સમાન છે. એની સમ્યગ્ આરાધના કરો, સાત પેઢી નહિ, ભવોભવનું-દળદર ફીટી જાય. એની વિરાધના કરો, એની અવજ્ઞા કરો, છતી શક્તિએ એમની સમ્યગ્-આરાધના ના કરો, તો એ જ દીક્ષા પોતાના આત્માને નુકશાન કરે છે. પુષ્પમાલા ગ્રંથની અંદર મલધારી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા કહે છે,

जह चेव नरिंदाणं आणाभङ्गक्कमंता पमायदोसेणं।

પ્રમાદ દોષથી જેમ રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કોઈ કરે, તો એને જેમ જેલમાં પુરાવુ પડે, માર ખાવો પડે.

तह चेव जिणवयणं
बराबर એ જ રીતે, જિનેશ્વર ભગવંતો ની પણ
આજ્ઞા, એનું પ્રમાદ દોષથી જે ઉલ્લંઘન કરે,
એ દુર્ગતિ ના માર્ગે, બંધન, નરક વગેરેની
અંદર દુઃખી થવું, વગેરે વગેરે દુઃખો પામે.

પંચાસક ગ્રંથની અંદર વૃત્તિમાં
પૂજ્ય અભયદેવ સૂરી મહારાજ કહે છે,
दुर्गृहीतं यथा काण्डं हस्तमेवावकृन्तति ।
તીર લીધું ખરું પણ બરાબર ના પકડ્યું, તો
એમ હાથ જ કપાય છે,
श्रामण्यं दुष्परामृष्टं नरकानुपकर्षति ॥
બરાબર એ જ રીતે સંયમ લીધુ પણ બરાબર
પાળ્યું નહિ,

તો એ સંયમ નરકને ખેંચી લાવે છે!

ધર્મબિંદુ ગ્રંથની ટીકાની અંદર
પૂજ્ય મુનિચંદ્રસૂરી મહારાજ, એક દાખલો આપે
છે, એક માણસ છે, રોગી છે, વૈદે એને બધી
ચિકિત્સા બતાડી, પથ્ય-અપથ્ય બતાડ્યું,

ચર્યા બતાવી, કેવી રીતે રહેવું, કેવી રીતે ન રહેવું, શું ખાવું - ન ખાવું, બધુ જ બતાવ્યું જે માણસ વૈદ્ય નું બધું સાંભળે છે, ચિકિત્સા ચાલુ કરી છે પણ બરાબર રીતે ચિકિત્સામાં આગળ વધતો નથી. વૈદ્યે ના પાડી હતી, પણ લાવે છે ને ખાઈ લીધું. મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે કે બીજો કોઈ માણસ છે જેણે કોઈ ચિકિત્સા સ્વીકારી નથી, વૈદ્યને બોલાવ્યા નથી, સાંભળ્યું નથી, સ્વીકાર્યું નથી, ચિકિત્સામાં જે આગળ વધ્યો નથી, દવા જે લેતો નથી, એ પણ રોગી છે, આ પણ રોગી છે, ફરક એટલો છે એકે ચિકિત્સા ચાલુ કરી, અને હવે એને બરાબર FOLLOW કરતો નથી, તો આ રોગી, પેલા રોગી કરતા પણ વધારે દુઃખી થશે કારણકે એના રોગો વકરશે. ઔષધની સાથે સાથે જે ચરી વગેરેની જરૂર હતી, જે ઔષધ લીધું પણ ચરી બરાબર પાળી નહિ. મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે.

અપ્રવૃત્તાદધિકં શીઘ્રં ચ વિનાશમાપ્નોતિ

જે ચિકિત્સામાં પ્રવૃત્ત નથી થયો, TREATMENT માં પ્રવૃત્ત નથી થયો, એના કરતા પેલો વધારે દુઃખી થશે.

જેમ એ ઉપકરણ તારણહાર છે, તેમ એ ઉપકરણ મારણહાર છે, આરાધક એના માટે તારણહાર છે, વિરાધક એના માટે મારણહાર છે. આચાર કથન આ રીતે ગુરુ એમને કરે, અને જે રીતે કહે, કે જેનાથી આચાર એને બરાબર સમજાય.

આગળ વધે હરીભદ્રસૂરી મહારાજ

બાવીસમાં નું છેલ્લું પદ,

परीक्षादिविधिः ।

કે તમે આચાર પણ કહ્યો, પણ આચાર કહ્યા પછી. હવે એની સુક્ષ્મ પરીક્ષા પણ કરવાની. અહિયા વાત કરે છે કે પરીક્ષા ની જરૂર શું છે, દીક્ષા લેવા તો આવ્યા છે. અને કોણ છે, શું છે, દીક્ષા કેમ લેવી છે એ બધા માંથી તો બરાબર પાસ થઈ ગયા છે. આચાર બધા કહી દીધા, એ કહે છે કે બરાબર છે, હવે પરીક્ષા શા માટે કરવી છે તો અહીંયા એનું કારણ કહે છે,

असत्याः सत्यसङ्काशाः, सत्याश्चासत्यसन्निभाः ।

દુનિયાની અંદર ઘણા બધા અસત્યો પણ સત્ય જેવા દેખાતા હોય છે. અને ઘણા બધા સત્યો પણ અસત્ય જેવા દેખાતા હોય છે.

માટે પરિજ્ઞાન કરવું એ ઉચિત છે. હવે આગળ વધીને કહે છે.

अतथ्यान्यपि तथ्यानि दर्शयन्त्यतिकौशलाः।

બહુ જ હોંશિયાર માણસ હોય, એ અસત્યને પણ સત્ય તરીકે દેખાડે છે. ઉદાહરણ આપે છે કે રીતે ચિત્ર હોય, જેમાં ઉંચા-નીચા ભાગોને ચિત્રકાર ખુબ જ કુશળતાથી દેખાડે, આ ભાગ ઉંચો છે, આ ભાગ નીચો છે હકીકતમાં ચિત્રપટ આખું સપાટ જ છે. એક જ લેવલ ઉપર છે. જુદા જુદા લેવલ જેમ દેખાય, એ રીતે બહુ હોંશિયાર માણસો હોય, એ ક્યારે ગુરુને પણ છેતરી દે. આવુ પણ બને. માટે પરિક્ષા કરવી બહુ જ ઉચિત છે.

પરીક્ષા કઈ કરવાની છે તો કહે છે, સમ્યગ્ જ્ઞાન અને ચારિત્રની પરિણતિ, એના વિષયમાં, તે તે ઉપાયથી પરીક્ષા કરવાની. પરીક્ષાનો સમય કેટલો, તો કહે છે પ્રાયઃ કરીને છ-મહિના સુધીનો પરીક્ષાનો સમય. જેવો બહુ-પાત્ર જીવ હોય, તો અલ્પ પણ એ સમય હોય શકે. કદાચ એ જીવ છે એટલો બધો પાત્ર નથી તો વધારે પણ પરીક્ષાનો સમય હોય શકે.

એમણે ઈપુ કદાચ ઉપધાન ન પણ કર્યું હોય, તો પણ એમને સામાયિક સૂત્ર એટલે કે - કરેમિ ભંતે સૂત્ર, એ એમને આપવાનું, શીખવા-ડવાનું, બીજા પણ સૂત્રો એમની પાત્રતા જેમ-દેખાય, એ રીતે શીખવાડવાના.

## સૂત્ર નંબર ત્રેવીસ.

ગુરુજનાદ્યનુજ્ઞા।

જે દીક્ષાર્થી ના ગુરુજન એટલે કે વડિલ હોય, માતા, પિતા, ભાઈ, બહેન વગેરે જે હોય, એમની અનુજ્ઞા કે ભલે તમે દીક્ષા લો, એ આજ્ઞા લેવી, એ પણ વિધિ છે. અહીં કહે છે કે ઘણીબધી રીતે અનુજ્ઞા માંગે, પણ મા-બાપ દીક્ષા આપે જ નહિ, રજા આપે જ નહિ, તો શું કરવાનું ?

## સૂત્ર નંબર ચોવીસ.

તથા તથોપધાયોગઃ।

તે તે પ્રકારે, માયા પ્રયોગ એ દીક્ષાર્થી એ કરવો. કે માયાથી પણ, સીધી રીતે કામ નથી પતતુ તો ઘરે બેઠા રહેવું, આત્માનું બગાડવું, રોજ-એટલા પાપો કરવા, અનંત ભવે મળેલ મનુષ્ય-

ભેદ ને નિષ્ફળ કરી દેવો, એની બદલે માયા-કરીને પણ, જે રજ મળતી હોય, તો એ-રીતે પણ રજ મેળવી લેવી.

## સુત્ર નંબર પચ્ચીસ.

दुःस्वप्नादिकथनम्।

જે ખરાબ સપનું પોતાને નથી પણ આવ્યું, તો ઘરે કહેવું કે મને ખરાબ સપનું આવ્યું છે. હું ઊંટ ઉપર બેઠો હતો ને દક્ષિણ દિશામાં જઈ-રહ્યો હતો, આવું મને સપનું આવ્યું છે, બહુ જ બિહામણું સપનું હતું. હું પાડા ઉપર બેઠો હતો, દક્ષિણ દિશા તરફ જઈ રહ્યો હતો, આવું મને સપનું આવ્યું, જે લોકો જાણકાર હોય તો એમને ખબર હોય કે આવું સપનું આવે તો નજીકમાં જ મૃત્યુ આવે, અથવા કોઈ ને પુછે, આગળ-વધીને કહે છે. છવ્વીસમું સુત્ર,

विपर्ययलिङ्गसेवा।

જેની જીંદગી આરે આવી ગઈ હોય, એ વિપરીત વિપરીત વર્તન કરે, દાખલા તરીકે, જેને મીઠું હોય એ એકદમ કડવું કે તીખું લાગે. તીખું-કડવું હોય એ એકદમ મીઠું લાગે.

આગળ વધીને ઠંડી હોય તો ગરમી લાગે, ગરમી
હોય તો ઠંડી લાગે, અથવા તો એકદમ કોમળ-
શૈય્યા હોય તો કાંટાની જેમ ખૂંચે, કાંટા ઉપર
સુવાડે તો એકદમ કોમળ લાગે તો આવું-
પોતે મા-બાપની સમજ કરે તેથી એમને-
ખ્યાલ આવે કે હવે આનું મોત નજીક છે તો
શા માટે એને ઘરમાં રોકી રાખવો. અને
દીક્ષાની રજા આપી દે.

અહીં કહે છે કે ધારો કે એમને
આવી બધી કંઈ ખબર પડતી નથી, બીજું
કરવું લાગે છે બસ બીજું કાંઈ જ લાગતું નથી,
મોત નજીક આવી રહ્યું છે આવું કાંઈ પણ-
લાગતું નથી તો શું કરવું ?

૨૭મું સૂત્ર,

दैवतैस्तथा निवेदनम् ।

એવા સ્વપ્નલક્ષણ પાઠક, એને બોલાવી આવે,
એમના ઘરે જઈને બધું સમજાવી દીધું હોય,
અને સ્વપ્નલક્ષણ પાઠક ઘરે આવીને બધાને
સમજાવે કે આનું મોત નજીક લાગે છે, ત્યારે જે
કરવું હોય એ કરી લેજો.

તો એનાથી પણ મા-બાપ વિશ્વાસ મુકીને-
દીક્ષા આપી દે. અહીંયા પ્રશ્ન કરે છે કે આવી
બધી માયા પ્રપંચ કરીને તમે દીક્ષા લો એનો
કોઈ મતલબ જ નથી. તમે મોક્ષ માટે નીકળો
છો. મોક્ષ સરળ ને મળે, ધર્મ, જે સરળ જીવો-
હોય એ આરાધી શકે, આવી માયા કરીને તમે
દીક્ષા લો, આનો મતલબ શું છે, તો એનો
જવાબ આપે છે.

ન ધર્મે માયા।

જ્યારે ધર્મ સાધવો હોય, ત્યારે જે માયા કરાય-
એ તાત્વિક દ્રષ્ટિએ માયા નથી, પરમાર્થથી એ
અમાયા છે. પુછે છે કે ભાઈ એ પણ તમે
ક્યાંથી લાવ્યા, અંગાગુત્રીસનું સુત્ર કહે છે,

ઉભયહિતમેતત્।

જે ધર્મમાં માયા કરવામાં પણ આવે, એમાં-
મા-બાપનું પણ હિત છે. અને દીક્ષાર્થી નું પણ
હિત છે. પ્રશ્ન કર્યો કે કઈ રીતે હિત છે,
દીક્ષાર્થી નું તો કામ થઈ ગયું, દીક્ષા લઈ લેશે
તરી જશે, મા-બાપ નું હિત કઈ રીતે થાય છે
એનો જવાબ આપે છે, કે જેટલી સેકંડ સુધી
મા-બાપ દીક્ષા ની અંતરાય કરે, એની પ્રત્યેક

સેકંડ, એક સેકંડના અસંખ્ય સમય, એના પ્રત્યેક સમયે, નવો અંતરાય કર્મ બાંધે છે. જ્યાં-સુધી એક પણ વ્યક્તિના ધર્મમાં આપણે અંત-રાય રૂપ બનીએ, અંતરાય કરીને વચ્ચે ઊભા-રહી જઈએ, ધર્મમાં પ્રવૃત્ત ન થવા દઈએ, ત્યાં સુધી આપણને ધર્મની અંતરાય બંધાય, બીજા ભવમાં બોધિની અંતરાય બંધાય, - વીર્યાંતરાય કર્મ બંધાય, સમજ પડી એટલું પણ આપણે કરી ના શકીએ, એટલું જ નહિ, સંસારની બાહર પણ, સુખ પામવામાં, ભોગ-પામવામાં, ધન પામવામાં, આરોગ્ય પામવામાં, શાંતિ પામવામાં, ખુશકારીતા પામવામાં, આપણને અંતરાય આવ્યા કરે.

એક વ્યક્તિ ચોવિયાર કરે છે ને તમને વધારે પડતું લાગે છે, એક વ્યક્તિ જોડે બહર ખાતા નથી ને તમારા ગ્રુપમાં આવીને એને શરમાવાનું થાય છે. તમારે શરમાવાનું નથી, તમે હીંશી.. હીંશી જાઈ રહ્યા છો, ને એની સાથે એવી વ્યવહાર કરાય, કે તમે મુર્ખા છો કે તમે આ નથી ખાતા.

તમે અત્યારે એવા સમયનું સર્જન કર્યું છે, જ્યાં ધર્મી ને શરમાવું પડે. અને આ સમયનું સર્જન કરનાર એનો ભોગ બનનાર, દરેકે દરેક વ્યક્તિ, એ ઘોર અંતરાય કર્મ બાંધ્યા વગર-રહેતી નથી.

## દીક્ષાર્થી મોહ કરીને પણ દીક્ષા લે!

મા-બાપ ધ્રુસકે ને ધ્રુસકે રડતા હોય મોહને કારણે અને દીક્ષાર્થી દીક્ષા લે, એમાં દીક્ષાર્થી નું તો હિત છે, મા-બાપ નું પણ હિત છે. કારણકે, દીક્ષાર્થી મા-બાપને વશ થઈ ને એમના મોહને માન આપીને ઘરે રહે એમાં દીક્ષાર્થી નું તો-અહિત છે. મા-બાપનું પણ ઘોર અહિત છે. આવું પાપ જિંદગી માં કદી કરશો નહિ, પરિવાર-ની અંદર, અડોશ પડોશની અંદર, સંબંધી-પરીચિત ની અંદર, કોઈની પણ દીક્ષાની વાત ચાલતી હોય. તમારાથી શક્ય હોય તો સાથે ચાલીને SUPPORT કરજો. અને રજા ન-મળતી હોય તો રજા મેળવી આપવાનો પ્રયાસ કરજો. કશું ન થાય તો એકદમ ચુપ થઈને

૨૨.૦૧.૨૦૨1

જેમકે. પણ એમાં થોડું ખોટું બોલવું. ઉંધી-ચત્તી સલાહ આપવી, પૈસા વિચારના થઈ ભય એવું કરવું, અથવા ભુલે-ચુકે નહિ થવા દેવાને જણી આપણો પ્રેમ ઉભરાય ની આવે.

**આવુ પાપ જિંદગીમાં કદી કરશો નહિ !**

આવા પાપ થી તમારા ભવો-ભવ ખરાબ થઈ જશો, આજે સમય થયો છે, આજે આટલું રાજીખી.

× × × × ×

૨૩. ૦૧. ૨૦૨૧

# ધર્મબિંદુ ગ્રંથ - વાચના ૨૭

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથની અંદર, ચોથા અધ્યાયના ૨૮-માં સૂત્રમાં કહે છે.

उभयहितमेतत् ।

એક આત્મા દીક્ષા લે છે, એનું પણ હિત થાય છે, અને એમની દીક્ષાથી એમના પરિવાર વાળાનું પણ હિત થાય છે. એક ગેરસમજ એવી આપણામાં પ્રવર્તે છે કે, જે ભલે તરી ગયા, એમને દીક્ષા જોઈતી હતી જે લઈ લીધી, એના આત્માનું કલ્યાણ થઈ ગયું, પણ પરિવારવાળાઓનું શું ?

उभयहितमेतत् ।

ભગવાનની કરુણા, વિશ્વના સર્વે જીવો માટે છે !

એમને એના જ કારણે, ભગવાનની આજ્ઞા, કદી પણ એકાદ પણ આત્માનું નુકશાન થાય, એવી હોય ન શકે ! જો મા-બાપને રડતા મુકવાની મતલબ દીક્ષા હોત, જો મા-બાપને દુઃખી કરવાની અર્થ દીક્ષા હોત, જો પરિવારનું અહિત કરવાની અર્થ દીક્ષા હોત, તો ભગવાન જી દીક્ષાનો ઉપદેશ જ ન આપત.

उभयाहितमेतत् ।

જે ઘરની અંદર, જે પરિવારની અંદર, પરિવારના કોઈ સભ્ય, જેની દીક્ષા નો નિષેધ ઉભો છે, અંતરાય ઉભો છે, ત્યાંસુધી

એ પરિવારનું સતત અમંગળ થાય છે !

જે પરિવારની અંદર દીક્ષાની રજા આપવામાં આવતી નથી,

એ પરિવાર સતત અશાતાવેદનીય કર્મ બાંધે !

એ પરિવાર સતત દુર્ભગ નામકર્મ જેનાથી દોર્ભાગ્ય ઉદયમાં આવે, જેનાથી સૌભાગ્ય ન મળે, એવા કર્મનો બંધ કરે. અપયશ નામ કર્મ,
અનાદેય નામ કર્મ,
અંતરાય કર્મ,
વગેરે વગેરે પાપ પ્રકૃતિઓનો બંધ એ પરિવારમાં સતત ચાલે, જ્યાં દીક્ષાની રજા આપવામાં આવતી નથી. મા-બાપનો નિષેધ હોય એ એટલો કર્મ બંધ કરે. કાકા-કાકી નો ય નિષેધ હોય,

એ વધારે કર્મ બંધ કરે, મામા-મામીનો નિષેધ હોય એ હજુ વધારે કર્મ બંધ કરે, COUSIN મામા-મામીનો નિષેધ હોય એ હજુ વધારે કર્મ બંધ કરે. મામાના દીકરાના મામાનો નિષેધ હોય એ હજુ વધારે કર્મ બંધ કરે, અડોશી-પડોશી-વાળાનો નિષેધ હોય, એ હજુ વધારે કર્મ બંધ કરે. કોઈ દૂરના મિત્ર એમનો નિષેધ હોય, એ હજુ વધારે કર્મ બંધ કરે, જેને કશી લેવા દેવા-સ્નાન સુતક, સુકૃત પણ સંબંધ નથી, એનો નિષેધ હોય, એ ઉત્કૃષ્ટ કર્મ બંધ કરે.

LOGIC એ છે, કે મા-બાપને કેટલો બધો મોહ હોય, મોટા કર્યા, એટલી બધી લાગણી, દીકરાની વાત પડી ને રડે, અને મોહ વશ એ ના પાડે, હજુ વાત સંભવ્ય, હજુ ગમ્ય લાગે, હજુ એક સંભાવના ઉભી રહે કે શાસનની પ્રેમ, સંયમની પ્રેમ, ની એમની છે જ, એમના જીવનમાં કદાચ ધાર્મિકતા પણ છે, પણ દીકરાનો મોહ એટલો, એટલે ના પાડે છે. જેને હજુ દૂરનો સંબંધ છે અને દીકરા માટેની અસંમતિ છે, દીકરાનો વિરોધ છે, તેમ.. તેમ..

તેમ.. તેમ શાસન પ્રત્યેની શુદ્ધ દ્વેષ ભાવ-
વ્યક્ત થાય છે, તેમ તેમ સંયમ ધર્મ પ્રત્યેની
વધુ અરુચિ વ્યક્ત થાય છે. બની શકે એ-
જ મા-બાપ કોઈ બીજાની દીક્ષામાં બધી રીતે
સહભાગી થતા હોય, અનુમોદના કરતા હોય,
આનંદના આંસુ પાડતા હોય, અનુમોદનાના-
આંસુ પાડતા હોય, આર્થિક રીતે મદદ કરતા
હોય, અને પોતાના દીકરાની દીક્ષાની ના-
પાડતા હોય, કે દૂર દૂરના સંબંધી થઈને પણ
દીક્ષામાં અંતરાય કરી, વિરોધ કરી અસંમતિ
આપી, એનામાં પ્રાય: કરીને સંયમ ધર્મનો
પક્ષપાત વ્યક્તિગત રીતે પણ કોઈની બીજાની
દીક્ષા માટે પણ ન હોય, તો જ એમની આવી
વિરોધ હોય શકે.

એક પરિવારની અંદરથી એક-
દીકરી મુસ્લિમ સાથે ભાગી ગઈ છે, જેના
પરિવારના વડિલ મહોલ્લામાં, ચોકમાં, સોસાયટી
ના COMPOUND માં આવીને સામે પાણી નાખીને
જાહેર કરી દે છે કે એના નામનું અને નહાઈ
નાખ્યું છે. હવે જૈનો ને આમાં કોઈ સંબંધ નથી.

હવે તમે એ દીકરીના કારણે અમને લજ્જિત - કરતા નહિ. દીકરીને લાજ શરમભવી તો પણ માની નથી, અથવા તો બધાને અંધારામાં - રાખીને ભાગી ચુકી છે. મુસ્લિમ સાથે ભાગી ચુકી, પરિવારની ઈજ્જત, આબરૂ, બધાને ખતરામાં મુકી, બધાનું મોઢું કાળુ કર્યું, - પરિવાર એની સાથે સંબંધ તોડી નાખે છે.

## અહીંયા સંસ્કૃતિનો પ્રેમ છે !

અહીંયા સામાજીક મર્યાદા છે.
અહીંયા ધાર્મિક અનુરાગ છે.
અહીંયા પરંપરાનો પક્ષપાત છે. એક આ કિસ્સો.

બીજુ બાજુ એક પરિવારમાંથી - એક આત્માએ દીક્ષા લીધી, બધાની સંમતિથી - લીધી, અસંમતિથી લીધી, મહેરમાં લીધી, ખાનગી લીધી, ભાગીને લીધી, વરઘોડા સાથે લીધી, જે પણ રીતે લીધી, અને દીક્ષા આપણને ના ગમી એના કારણે, દીક્ષિત આત્મા સાથે અથવા તો, જન્મ આપનાર પરિવાર સાથે, આપણો સંબંધ

મે તુટે છે, તો આપણા માટે,

**જિનશાસન પણ મુશ્કેલ ધર્મ છે !**

જે કેટલી ખરાબ વસ્તુ, એ આપણા માટે- કેટલો જુગુપ્સનીય વિષય, આઘાતજનક વિષય, બહુ જ છે.. છે.. જેવો વિષય, કે આપણા પરિવારની દીકરી એની સાથે ભાગી ગઈ. આવું આપણને લાગતું હોય છે. અને માટે સંબંધ- તોડવામાં આવતો હોય છે. ગમે તેટલી લાડલી- દીકરી હોય, ગમે તેટલી એને આમ ખોળામાં- બેસાડી.. બેસાડી ને મોટી કરી હોય, એ આ રીતે ભાગી ગઈ, વાત બધી પુરી થઈ ગઈ, કારણકે એણે ગંદામાં ગંદુ કામ કર્યું. આવું- આપણે માનીએ છીએ. પછી તમે કંઈએ મુસ્લિમ ના શ્રીમંતમાં, જન્મદિવસમાં, એના મૃત્યુમાં- ક્યાંય હાજરી નથી આપવાના,

**કારણકે તમે સંબંધ તોડી જ નાખ્યો છે !**

તમને ફોન પર વાત કરવી પણ ગમતી નથી.

તેથી ત્યાં કદી પણ જવાના નથી. કારણકે એ તમારા માટે ગંદામાં ગંદી વસ્તુ છે.

મેં દીક્ષા થયા પછી આવું થતું - હોય, સગા મા-બાપ, સગા સ્વજન, એમને ખોટું લાગતું હોય, અને એના કારણે સંબંધ તોડી નાખવામાં આવતો હોય, તો એક અપેક્ષાએ, દીક્ષા પણ આપણા માટે એવી ગંદામાં ગંદી વસ્તુ છે, આના કરતા મોટી

અનંત તીર્થંકરોની આશાતના, બીજુ કઈ હોય શકે! આના કરતા મોટી

જિનશાસનની આશાતના બીજુ કઈ હોય શકે

આના કરતા મોટી, અઢી દ્વીપના તમામ સાધુ-સાધ્વીજી ભગવંતો આશાતના બીજુ કઈ હોય શકે!

સંઘની બહાર કાઈ દ્રષ્ટી હોય ને એની એમ થાય કે, મારું ન ચાલ્યું માટે,

હું આ સારું કામ પણ ના થવા દઉં, ત્યાં જે ટ્રસ્ટી સંઘના ટ્રસ્ટી થઈને પણ, સંઘના - નાનામાં નાના જે દુશ્મનના પગારે નોકરી - કરતા માણસ કરતા પણ નીચા થઈ જતા હોય છે. કારણકે શાસનનું સારું કામ અટકાવવા માત્રથી તેઓ શાસનના સભ્ય તરીકે રદબાતલ થઈ જાય છે.

## ટ્રસ્ટીએ વિચારવું જોઈએ કે મારો ઈગો મોટો

## કે જિનશાસન મોટું ?

એણે મને પુછ્યા વગર કેમ થયું, કેમ પુછીને થયું, પણ મારું ન ચાલ્યું, બીજા ટ્રસ્ટીનું ચાલી ગયું, આટલો વિચાર કરવાની ભુમિકા જે ટ્રસ્ટી પાસે - નથી, કે કોનાથી થયું, જે થયું, મારું થયું, ન થયું, શાસનનું થયું છે કે નથી થયું, અને શાસનનું થયું છે તો એ મારા માટે આનંદની વાત છે કે - નહિ, આટલો SIMPLE (સહેલો) વિચાર કરવાની ભુમિકા જેની પાસે નથી, એને સંઘના અગ્રણી તો ના જ કહેવાય, એને સંઘના સભ્ય સુધ્ધા ના કહેવાય. એને સમ્યગ્દ્રષ્ટિ સુધ્ધા ના કહેવાય.

અને સમ્યગ્ દર્શનમાંથી રાજીનામુ આપી દેનાર, એ પોતે જ સંઘમાંથી પોત મેળે બહાર ફેંકાઈ-ગય છે.

પરિવારમાં દીક્ષાની વાત આવી છે, અને એક ભાવ જાગે કે ભલે મોહ છે, ભલે-લાગણી છે, ભલે કદાચ કાંઈક સ્વાર્થ પણ છે, ભલે હજુ કદાચ એવી સંયમ ધર્મની પ્રતિષ્ઠા અમારા અંતરમાં નથી થઈ, પણ

અનંત તીર્થંકરોએ ચીંધેલો આ માર્ગ !

શું અમે એમના કરતા વધારે હોંશિયાર છીએ !

હું તમને કહું છું માત્ર દીક્ષાનો નહિ, કોઈ પણ મુદ્દો હોય, તમને સમજાય, ન સમજાય, બેસે-ના બેસે, ગમે, ના ગમે, જીવનમાં એક ગુરુ રાખો, જે પણ હોય એમને પુછી ને કરવું આટલો-નિયમ રાખો, તમે

અઢળક નુકશાનોમાંથી બચી જશો !

કદાચ ક્યાંક એવુ બને, થોડા દિવસ પહેલા એક મુમુક્ષુના પપ્પા મારી પાસે આવ્યા ને મને ફરિયાદ કરતા હતા, કે એણે આવુ વર્તન કર્યુ, મારી સાથે આવુ કર્યુ, મેં એમને કહ્યું કે આવુ, બનશે. શાસ્ત્ર જરૂરી નથી કે આવું જ વર્તન કરવાનું કહે છે, મુમુક્ષુ કાચી ઉંમરમાં હોય છે, કાચી સમજ, કાચુ જ્ઞાન, દીક્ષાની ભાવના થઈ છે, દીક્ષા માટે તરફડી રહ્યો છે, ને એનું કોઈ પણ મનનું REACTION આવી શકે. કોઈક ખાય નહિ, કોઈક પીવે નહિ, કોઈક એટલી બધી રજા માંગે કે ઘરનું વાતાવરણ તંગ.. તંગ.. તંગ હોય, ક્યાંક મા-બાપને આઘાત લાગે આવું પણ બને. ક્યાંક એમ થાય કે આ દીક્ષાની ભાવના જન્મી ત્યારથી જાણે આખી ઘરની દશા બેસી ગઈ, આવુ પણ બને, બની શકે. ભાવ એવી પણ નથી કે ભગવાન EXACTLY આ જ રીતે રજા માંગવાનું, કે આવુ વર્તન કરવાનું કહે છે. બહુ જ SHARP (તીક્ષ્ણ) લાઈન છે, કે જે દીક્ષા લેવાની વિધિ છે. બધા જ મુમુક્ષુ BALANCE સાથે એ જ લાઈન પર ચાલે એ POSSIBLE ના હોય. થોડુક આમ-તેમ,

જાય. તેમ જનુ કહેવાય છે, જેની ભુલ પણ - હોય, THAT DOESN'T MEAN દીક્ષા ખોટી - છે. THAT DOESN'T MEAN કે આપણે સાચા છીએ. THAT DOESN'T MEAN કે એણે દીક્ષા ની ભાવના જ છોડી દેવી જોઈએ.

આપણો એક સામાયિક પણ SHARP LINE પર નથી. આપણી એક પૂજા પણ SHARP LINE પર નથી, આપણું જીવન પણ એવી SHARP - LINE, જેવી રીતે ભગવાને જીવવાનું કહ્યું, ભલે શ્રાવક જીવન હોય, એ રહેતી નથી. તો મુમુક્ષુએ EXACTLY SHARP LINE માં જ દીક્ષા લેવી જોઈએ, આવો આગ્રહ આપણે કઈ રીતે રાખી શકીએ. અને ખરો આગ્રહ એ SHARP LINE નો પણ નથી હોતો,

ખરો આગ્રહ આપણા EGO નો હોય છે.

કે મારું કેમ ના સાંભળ્યું, મારું કેમ ન માન્યું, કેમ એમ ને એમ આગળ વધી ગયા. મારો EGO તમે તોડયો, મારો તો EGO જ ધર્મ છે.

અમે તો E.G.O ને જ માનીએ છીએ, બીજું તો અમે કંઈ સમજતા નથી, E.G.O તમે તોડયો વાત બધી પુરી થઈ ગઈ. આમાં જૈનત્વ - સમ્યગ્દર્શન, કોઈ પણ આરાધનાની ભૂમિકા, એ પ્રાયઃ કરીને શક્ય નથી.

ક્યાંય પણ, કોઈ પણ સંયમ - લેતુ હોય, યોગ્યતાની ઘણી બધી વાત કરી છે, ઘણી બધી વાત કરીશ, ધડાધડ દીક્ષા આપવી - એવો આ બધાનો કહેવાનો ભાવ પણ નથી, અમે આપતા પણ નથી, આપવી હોય તો, પાંચ - પાંચ દર વર્ષે આરામથી આપી શકાય એમ છે. એવું માનતા પણ નથી. વાત આપણા પોતાની શુદ્ધતાની છે, આપણી પરિણતિની છે, - આપણા ઔચિત્યની છે, અને એ ચુકીને આપણે આપણા આત્માનું અહિત ન કરી બેસીએ એના માટેની છે.

હરીભદ્રસૂરી મહારાજ, બહુ સ્પષ્ટ કહે છે,

ઉભયહિતમેતત્ ।

તમે ભલે સંયમ ના લઈ શક્યા હો, તમારા પરિવારમાંથી પણ કોઈ દીક્ષા લે, તમારું મોટું હિત છે, વૈદિક પરંપરાની અંદર કહ્યું,

सन्यस्तमिति यो ब्रूयात् प्राणैः कण्ठगतैरपि ।

જેના કંઠે પ્રાણ આવી ગયા અને કહી દે,

सन्यस्तम्

છેલ્લા શ્વાસે પણ જે બોલે મેં સન્યાસ લઈલીધો

तारिताः पितरस्तेन इति वेदानुशासनम् ॥

એણે એની પેઢીઓની પેઢીઓને તારી દીધી, આવું વેદનું અનુશાસન છે. એવું વૈદિક સાહિત્ય-ની પરંપરાની અંદર પણ કહ્યું, આપણે ત્યાં-નજીક ના કે દૂરના સ્વજનો, જેટલી દીક્ષાની અનુમોદના કરે જેટલો એમાં SUPPORT આપે, જેટલા એમાં રાજી થાય, જે રીતે પણ એમાં INVOLVE થાય, એની FAVOR કરે, એટલી એના આત્માની અઢળક નિર્જરા, ઉત્કૃષ્ટ-પુણ્યનો બંધ, અને એના આત્માનું પણ કલ્યાણ નિશ્ચિત થાય, એ માટે પ્રયાસ કરજો, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

૨૫.૦૧.૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૨૮

પૂજ્ય હરીભદ્ર સૂરીશ્વરજી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથની અંદર, ચોથા અધ્યાયમાં, સુત્ર-નંબર ઓગણત્રીસમાં, બહુ સરસ પદાર્થ રજુ કરે છે.

उभयहितमेतत् ।

દીક્ષા લેનારનું પણ હિત, પરિવારનું પણ હિત, પ્રશ્ન કર્યો કે બાકી બધી વાત તો સાચી પણ આ માયાની વાત હજુ અમારા મગજમાં બેસતી નથી. દીક્ષાર્થી જુઠુ બોલે (?) કે સપનું નથી આવ્યું એ બીજા સ્વપ્નપાઠક, જ્યોતિષિ, નૈમિત્તિક.. વગેરે ને સમજાવી પટાવી ને લઈ આવે. મા-બાપ ને છેતરે પરિવાર ને છેતરે, વડિલો ને છેતરે અને દીક્ષા લે. અમારા મગજમાં બેસતુ નથી.

દુનિયાને છેતરી ને ઘરમાં પૈસા આવતા હોય એમાં વાંધો નથી, આપણે જુઠુ ડગલે ને પગલે બોલતા હોઈએ એની વાંધો નથી, પાપમાં જુઠુ બોલી શકાય, પણ ધર્મમાં તો બિલકુલ ખોટું ના ચાલે. હકીકતમાં સવાલ જુઠુ બોલવુ ન બોલવુ એનો નથી,

દુનિયામાં પૈસા માટે, સંસાર માટે જેટલી લાગણી છે. એટલી લાગણી ધર્મ માટે છે કે નહિ, એ કોને ખબર છે. હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે,

अमायोऽपि हि भावेन माय्येव तु भवेत् क्वचित्।

ભલે જીવ સરળ છે, અમાયી છે, નિર્દંભ છે, સરળતા હોય એ માયા બની જાય, એ માયા પણ ઉચિત હોય છે,

पश्येत् स्वपरयोर्यत्र सानुबन्धं हितोदयम्॥

જ્યાં એ જીવ જુએ છે કે અહીંયા મારું પણ હિત છે ને બીજાનું પણ હિત છે, ત્યાં એ જીવ અંદરથી સરળ રહીને, અંદરથી નિષ્કષાય રહીને, બહારથી પોતે માયા કરે, આવું પણ ઉચિત છે. અહીં કહે છે કે એવું પણ કર્યું, પણ કદાચ - એમના વિના, ઘરનો નિર્વાહ થઈ શકે એમ નથી. દીક્ષાર્થી દીક્ષા લઈ લે પછી મા-બાપનું શું થવું એ પ્રશ્ન છે, તો શું કરવું? એનો જવાબ ત્રીસમાં સૂત્રની અંદર, હરીભદ્રસૂરી મહારાજ આપે છે.

यथाशक्ति सौविहित्यापादनम्।

જેની જેટલી શક્તિ હોય, દીક્ષાર્થીની એટલી લાખ - બે લાખ - પાંચ લાખ --- દસ લાખ --

એટલા કમાઈ લે, મા-બાપ આખી જીંદગી સુખેથી ખાઈ શકે, એટલા રૂપિયા એમને આપી દીધા. જેથી ઘર સીદાય નહિ. અને આવું કરી તો - કૃતઘ્નતા પણ થઈ કહેવાય. કરૂણા છે એ માર્ગ પ્રભાવનાનું બીજ છે. બહુ મહત્વની વાત હરીભદ્રસૂરી મહારાજ કરે છે, કે દીક્ષાર્થીના દીક્ષા લેવાથી, ઘર વાળા ભુખે મરે એમ હોય, તો જ્યાં સુધી વ્યવસ્થા ન કરે, ત્યાં સુધી એણે દીક્ષા લઈ શકાય નહિ. ગુરુએ એને દીક્ષા આપી શકાય નહિ.

આનો બીજુ રીતે એક અર્થ એ થઈ શકે કે જેના દીક્ષા લેવાથી, ઘર વાળા - ભુખે ન મરે તેમ હોય, તેના ઘરવાળા OFFICIAL રીતે એની દીક્ષામાં અંતરાય કરી શકે નહિ. અને જો દીક્ષા લેતા હોય, તો હવે ઘરવાળાનું શું, આવી આપણા કોઈથી ચર્ચા પણ કરી શકાય નહિ. ઘરવાળાઓનું પાછળનું કરીને નીકળવું આ પણ એક કરૂણા છે. હરીભદ્ર સૂરી મહારાજ કહે છે

કરૂણા એ માર્ગ પ્રભાવનાનું બીજ છે!

બીજા શબ્દોમાં કહી શકાય કે તમારી કરૂણા -
એ ઊંચી કહેવાય, એ વધુ યોગ્ય કહેવાય. એ
વધુ સાચી કહેવાય, કે જે

## માર્ગ પ્રભાવનાનું બીજ બને !

તમારો જન્મ દિવસ છે, પાંચ હજાર રૂપિયા ખર્ચીને
દૂધ આપવાનો, ભોજન આપવાનો, વસ્તુઓ -
આપવાનો તમને ભાવ થયો, એની ખબર નથી
પડતી કે આ જૈન છે એ રીતે તમે એ લ્હાણી
કરી દો. તો એ કરૂણા છે પણ માર્ગ પ્રભાવના-
નું બીજ નથી, માટે તાત્વિક કરૂણા, શુદ્ધ
કરૂણા, વિશુદ્ધ કરૂણા નથી. કદી તમને મન
થયું કે પાંચ પચ્ચીસ હજાર હું ખર્ચું છું તો
મહાત્માને લઈને જઉં, એમનું પ્રવચન -
કરાવું, એમનાથી પ્રતિબોધ પમાડું, અને પછી
આ લ્હાણી કરું, આવું મન તમને કદી થયું
ખરું ?

જે યુવાનો તીર્થરક્ષા માટે મહેનત
કરી રહ્યા છે, ત્યાંના જૈનોની અંદર એ અનુકંપા
કરવામાં આવે, તો જૈનત્વનું ગૌરવ પણ વધે,

શાસન પ્રત્યે સદ્ભાવ પણ વધે ને તીર્થ-રક્ષામાં પણ મારું દાન નિમિત્ત બને, એક ખર્ચાની અંદર ચાર-ચાર લાભ મને મળી શકે એમ છે, આની કદર તમારી પાસે ખરી ?

આડેધડ કરોડો-અબજો રૂપિયા જિનશાસનના દર વર્ષે વપરાય છે. અને જિનશાસનનું આ અબજો રૂપિયાના ખર્ચામાંથી કંઈ ઉપજતું ના હોય, આવા નાદાન કદાચ આખી દુનિયામાં આપણા સિવાય બીજા કોઈ હોય ન શકે. મનમાની આપણે કરવી છે, કોઈને પુછવું, પાછવું છે નહિ, ગુરુ રાખવા-નથી, શાસન સાથે ભલે લેવાદેવા હોય નહિ, જે રીતે આપણો ધર્મ પણ ચાલતો હોય, હકીકતમાં શાસનને લાભ થાય એ રીતે ધર્મ પણ ચાલવો જોઈએ, આપણો ધર્મ પણ એ-રીતે ન ચાલે જેનાથી શાસનને લાભ થાય, તો પછી આપણે,

**શાસનના સભ્ય કે પછી શાસનના દુશ્મન ?**

એક આગ્રહ હોય છે કે તમારા જન્મદિવસે તમે પાંચ-દસ હજારનું કરી દીધું ને શાસનનું કશું ઉપજ્યું નહિં, આવી રીતે બધું ભેગું થઈને બબ્બે રૂપિયાનું એ રીતે થઈ જતું હોય છે કે એક બાજુ શાસન સીદાતુ હોય, એક બાજુ-તીર્થ સીદાતુ હોય, શાસનના કાર્યો સીદાતા-હોય, શાસનને ગૌરવ ન મળતું હોય, શાસન-ના કાર્યો લટકીને પડ્યા હોય, કેટ કેટલી ઉપાધિ-ઓ હોય, અને બીજુ બાજુ શાસન પ્રેમી યુવાનો, એમના પગ ઘસીને શરીર ઘસીને, પરસેવો-પાડીને, બાજુબાજુથી નાના.. નાના.. ફંડ ફાળા કરીને, એમ કહેવાય કે આકાશમાં થીગડું મારવા માટે ફાંફાં મારતા હોય, આ દ્રશ્ય આજે-નજરની સામે દેખાય છે.

આપણો સંસાર, આપણી WORLD-TOUR, આપણા ઘરેણા, આપણું નવું ઘર, આપણા આલિશાન FURNITURES, આપણા રાચરચીલા, આપણા મોંઘા દાટ કપડા, આ તો આપણી નામોશી છે જ. એક અપેક્ષાએ આપણી આડંબર કરતો ધર્મ, આડંબર અપાતા

દાનો, આડેધડ કરાતા સુકૃતો, એ પણ કદાચ આપણી નામોશી છે. એક વિવેક ભળે ને, હું તમને કહું કે તમારું પિત્તળ એ સોનું - થઈ જાય એમ છે, પણ તમે આખી જિંદગી - પિત્તળનો ધંધો જ કરતા રહ્યા છો. એક - વિવેક !

करुणा च मार्गप्रभावनाबीजम्।

કરુણા એ રીતે કરો કે માર્ગની પ્રભાવના થાય. આ મોક્ષ માર્ગ, આ જિનશાસન, આ જૈનત્વ, આ દેવ-ગુરુ-ધર્મ, આનું ગૌરવ વધે, એવી રીતે કરુણા કરો, તો એ જ તાંબુ એ જ પિત્તળ એનું સોનાનું ફળ તમને મળશે.

હવે કહે છે, કે માયા એ કરી સપનાએ બધા જણાવ્યા, જ્યોતિષી લાવ્યા, સ્વપ્નપાઠક લાવ્યા, દસ લાખ મુકીએ દીધા, આખી જિંદગી ચાલે એટલી વ્યવસ્થા કરી દીધી. હવે મા-બાપ રજા આપતા જ નથી. તો શું કરવું ? એમનું મોઢું જોઈને ઘરમાં બેઠા રહેવું ? એ જ ષટ્કાયની વિરાધના. એ જ અઢાર પાપસ્થાનક. એ જ રાગ-દ્વેષ,

એ જ જંગળ, એ જ કોશેટાના કીડાની જેમ, નવું નવું ગણુ ગુંથી ને એમાં ફસાતા રહેવું. અનંત કાળે મળેલું જિનશાસન, એને FAIL કરી દેવું, નિષ્ફળ બનાવી દેવું, અને ફરી અનંતને વાટે ચડી જવું, આવું કરવું, હરીભદ્ર-સૂરી મહારાજ ને પ્રશ્ન કર્યો.

સભ્યોનો પ્રશ્ન :- મા-બાપ ની બધી સુરક્ષાનો કરી દીધી, પણ પછી માંદગી-ઘડપણ, વગેરે માં શું કરવું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- આવા ઘણા બધા પ્રશ્નો હોય શકે, તમે કહો કે દસ લાખ મુકી દીધા, આજના ટાઈમની અપેક્ષા એ કહીએ તો પચ્ચીસ લાખ મુકી દીધા, પચાસ મુકી દીધા, વાંધો ન આવે. એટલું થઈ ગયું પછી એમનું કોણ ? આવા ઘણા બધા-પ્રશ્નો નીકળી શકે, અને એ બધા પ્રશ્નો દીમાગમાં લાવીને ઉભા રાખો દેવામાં આવતા હોય છે. દીકરો વિદેશ જાય છે, દીકરો જુદો થાય છે, દીકરો સામું જોતો નથી, માંદગીમાં-

પણ આવતો નથી, આજુબાજુ દેખાય છે આવું!
આવા ઘણા બધા પ્રશ્નો છે. એ પ્રશ્ન એવો
ઉભો કરવા જેવો છે, કે

## દીકરો પહેલા ઉપડી ગયો તો શું ?

ભગવતી સુત્રની અંદર બહુ સ્પષ્ટ કહ્યું કે,
के पुव्विं गमणाइ के पच्छा गमणाइ।
કોણ પહેલા જશે, કોણ પછી જશે એ જ ખબર
નથી. પૂજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ,
એમના મા-બાપ નાની ઉંમરમાં કાળ કરી ગયા-
હતા, બા એ ઉછેર્યો, બા ના લાડકા, પ્રેમ-
સૂરીશ્વરજી મહારાજ એ એમને પ્રતિબોધ કર્યા,
દીક્ષાની ભાવના થઈ, ત્રિભુવન નામ હતું, બા
રજા આપે એવી કોઈ શક્યતા નહિ, અને એ
ત્રિભુવને ગુરુદેવને કહ્યું કે, મારા બા મરે-
પછી હું દીક્ષા લઉં, અને સાહેબે આ વાત કરી
કે પહેલા કોણ જશે એ કોને ખબર છે ?
આખા પરિવારમાંથી બે જ હતા, કોઈક-
એવી મહામારી એ સમયે આવી હતી ને,
ત્રણ આંકડાની સંખ્યામાં જે પરિવાર જમતો-

હતો એમાં એટલા બધા મૃત્યુ થઈ ગયા, અને એ સ્થિતિ ની અંદર પણ પ્રેમસૂરીશ્વરજી - મહારાજ, એમનો આ જવાબ હતો.

સભાનો પ્રશ્ન :- ભાગીને દીક્ષા લે તો લોક નિંદા નો ભય રહે ને ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે મારે તમને આજ તમને કહેવું છે કે, સંસાર-માં આ બધા પ્રશ્નો હોય જ નહિ. અત્રેરીકા-જવામાં લોકનિંદા ના થતી હોય, છુટ્ટા થવામાં ના થતી હોય, INTER-CAST લગ્ન કરવામાં ના થતી હોય, મા-બાપ ને ગાળો આપવામાં ના થતી હોય. મા-બાપ ને મારનારા છોકરા આજની તારીખમાં જૈન ઘરો ની અંદર છે, ત્યાં આ કોઈ સવાલ લોક નિંદા, લોકપવાદ ને વ્યવહાર નયનો ન વતાવતો હોય, અને દીક્ષા માટે બધુ A TO Z આવી ને ઊભુ રહી જતુ હોય. આનો અર્થ શું ? હરીભદ્રસૂરી મહારાજ આ પરિસ્થિતિ માં શું કરવું, એની વાત આગલા સૂત્રમાં કરવા જઈ રહ્યા છે, આજે સમયથયો છે, આજે આટલું રાખજો,

25.09.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૨૯

ધર્મ બિંદુ ગ્રંથની અંદર, પૂજ્ય હરીભદ્રસૂરી-
મહારાજ એ STAGE ની વાત કરે છે, કે
જ્યાં મા-બાપ દીકરાની રજા આપતા જ નથી,
ત્યાં શું કરવું? હરીભદ્રસૂરી મહારાજ કહે છે.
સૂત્ર નંબર એકત્રીસ,

ग्लानौषधादिज्ञातात्त्यागः।

ગ્લાન થઈ ગયા, એવા મા-બાપ, જેમને લઈને
દીકરો જંગલમાંથી નીકળે છે. જંગલ પસાર-
કરવાનું છે, જંગલમાં અધવચ્ચે છે, મા-બાપ
માંદા પડ્યા છે, અને એ સમયે દીકરો વિચારે છે
કે જો એમને ઔષધ આપવામાં નહિ આવે, તો
એ નહિ બચે. દીકરો જુદ રોગ નો ભોગ બન્યો
છે. એને પણ ઔષધની જરૂર છે, મા-બાપને
પણ જરૂર છે. મા-બાપની માંદગી એવી છે કે
ઔષધ માટે ત્યાંથી તરત નીકળી શકે એમ નથી.
દીકરો નીકળી શકે એમ છે. પોતે સાજો થાય,
મા-બાપ માટે ઔષધ લઈ આવે, દોડતો. મા-બાપ
ને સાજા કરે એવી બધી જ સંભાવના છે. એ
સમયે દીકરો વિચારે છે, કે જો એમને ઔષધ
ન મળ્યું તો એ નહિ બચે, ઔષધ મળી જાય તો
બચી પણ શકે. અને કંઈક સમય સુધી તેઓ ટકી
શકે એમ છે.

તો એમના માટે જલ્દીથી, ઔષધ લઈને હું આવી જઉં. અને ઔષધ લઈને આવી જઉં, તો એ બચી જાય, એના માટે દીકરો, મા-બાપને-જંગલમાં મુકીને નગર તરફ દોડી જાય છે. સમજ-વાની વાત આ છે, કે ખરેખર, દીકરા એ એમને છોડ્યા કહેવાય, કે ન છોડ્યા કહેવાય? (૯)

પંચસૂત્રમાં આ ઘટનાનું વર્ણન કરીને લખ્યું,

इस चाए अचाए अचाए चेव चाए

એ દીકરો એમને છોડે છે ત્યારે નથી છોડતો, નથી છોડતો ત્યારે છોડે છે. અને એ જઈને પોતે દવા લઈ લે છે, દવા લઈને દોડતો આવે છે, મા-બાપને પણ દવા આપે છે, મા-બાપ પણ-સાજા થાય છે. બધાની જીંદગી બચી જાય છે.

सुपुरुसोचियमेयं

આ સત્પુરુષ ને ઉચિત છે. બરાબર એજ રીત શુક્લ પાક્ષિક પુરુષ છે, ભવ્ય આત્મા છે, સંસારના જંગલ માંથી પોતાના પરિવાર સાથે મા-બાપ વગેરે સાથે પસાર થઈ રહ્યા છે. મિથ્યાત્વ, અવિરતિ-વગેરે રોગો નો ભોગ બધા જ બનેલા છે.

દીકરો કાંઈક સાચી સમજણ પામે છે, અને જુએ છે,

०। भविस्संति छउ सम्मत्ताइ ओसहमंतरेण।

સમ્યક્ત્વ વગેરે ઔષધ વગર મારા મા-બાપ, એ બચવા એ શક્ય જ નથી

ओसहभावे य संसओ

ઔષધ મળી પણ જાય તો સંશય છે,

कालसहाणि य दुआणि

અને કંઈક સમય.....એવું નથી કે એ લોકો રોગથી એકદમ નાશ જ થઈ ગયા, અનંત સંસાર ની વાટે નીકળી જ ગયા, કંઈક સમય પણ છે,

तह संठविय संठविय

તો એમને સમજાવી ને, પટાવી ને જે રીતે પણ દીકરો, રમવી કે વગર રમવી નીકળી શકે, એ દીકરાએ નીકળી જવું જોઈએ. ઔષધ લઈને-પાછા આવવું જોઈએ. સમ્યક્ત્વ, વિરતિ વગેરે ભાવ ઔષધથી એમની TREATMENT કરવી જોઈએ. પંચસુત્ર કહે છે,

एस चाए अचाए, तत्तभावणाओ

આ ત્યાગ એ અત્યાગ છે, કારણકે એમાં તત્ત્વ-ભાવના છે,

અચાણ ચેવ ચાણ મિચ્છાભાવણાઓ

અત્યાગ એ જ ત્યાગ છે, કારણકે એની અંદર મિથ્યા ભાવના છે. દ્રવ્યથી છોડનાર, એ ભાવથી પકડી રાખીને બેઠાં હોય છે. દ્રવ્યથી પકડી રાખનાર ભાવથી છોડીને બેઠા હોય છે. બળતુ ઘર છે, મા-બાપ ને સમજાવ્યા હાલો બધા કુદી પડીએ, એ કહે છે બરાબર છે, દીકરા ની ફરજ છે પોતે કુદી પડવું એવી શ્રદ્ધ લઈ આવવી કે મા-બાપને પણ ઉઠાવી ને બહાર લઈ જાય ને એમને પણ બચાવે,

સાથે બળી મરવામાં કોઈ જ શાણપણ નથી!

બરાબર એ જ રીતે, બળતો આ સંસાર,

આ સંસારનું ભયાનક જંગલ!

જેની અંદર ઘણા બધા જાનવર, એની અંદર - ભાવરોગ, એમાં જે આત્મા, પોતે સાજા થાય, અને મા-બાપનું પણ ઔષધ લઈ આવે,

એ સાચા હીરા. સામાન્યથી

સંસારી ગણિત હીરાની વિરુદ્ધ હોય છે !

સાંસારીક દ્રષ્ટિએ હીરા નો અર્થ,

હીરામાં થયેલું મોટું નુકશાન હોય છે !

સાંસારીક દ્રષ્ટિ એ, હીરાની મંજુરી આપવા-કોઈનું હૃદય તૈયાર થાય જ નહિ. સાંસારીક ગણિતો આખા જુદા છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે, બાળક છે અણસમજુ છે, INJECTION નથી લેવા માંગતો, સ્કુલે નથી જવા માંગતો, દવાખાને આવવા નથી માંગતો, એને પરાણે પણ ઢસડી ને પણ લઈ જવાય. એ રડે, એ રાડો પાડે, એ ચીસો પાડે, તો પણ, પરાણે પણ, એના હિત માટે એવું કરવામાં આવે. બરાબર એ જ રીતે, મોહાધીન, ભગવાને કહેલા તત્વજ્ઞાન-થી વંચિત, વાસ્તવિક પરિસ્થિતિ ના જ્ઞાનથી-વંચિત, પોતાને કોઈ જ રોગ નથી એવા માનતા ગાંડા વ્યક્તિની સમાન જેને કહેવાય, અથવા -

બાળકની સમાન જેમને કહેવાય, એવા સ્વજનો મોહ ને કારણે, અંતરાય પણ કરતા હોય ને- એમને આધિન થઈ ને, પોતે પણ માંદા રહેવું ને એમને પણ માંદા રાખવા, એમાં સાચી- પિતૃભક્તિ કે માતૃભક્તિ નથી, પણ જે- દીક્ષાર્થી આત્મા, જેને સાચું જ્ઞાન મળ્યું, સાચી સમજ મળી, અને સમજણ મળવાથી, એમની આખી પરિસ્થિતિ જ્યારે સમજાઈ ગઈ, પછી પણ મા-બાપ ના પાડે છે, એટલા મુદ્દે એ જંગલમાં બેઠા રહેવું.

એ બળતા ઘરની અંદર બેઠા રહેવું!

એમાં તો કઈ રીતે ઔચિત્ય હોઈ શકે ?!

સાચો સ્વજન પ્રેમ એ છે,

જેમાં પરાણે પણ, સ્વજન ની ઈચ્છા વિરુદ્ધ પણ, સ્વજન નું હિત કરવામાં આવે. એના માટે અળખામણા થવું પડે, એના માટે કડવા થવું પડે, એના માટે અપ્રિય થવું પડે, એના માટે સંઘર્ષો સહન કરવા પડે, એના માટે કદાચ માર ખાવો પડે.

એના માટે બધાની નારાજગી સહન કરવી પડે, તો પણ એ બધું જ કરીને પણ સ્વજનોનું હિત કર્યું, અને પોતાના આત્માનું પણ હિત ન ચૂક્યું. આમાં જ સાચી સમજદારી છે.

દીક્ષાર્થી છે, ગુરુકુલવાસમાં રહીને, અથવા પાઠશાળા દ્વારા, અથવા પ્રવચન, વાચના દ્વારા, પોતે જે જ્ઞાનની ધારામાં આગળ વધ્યા, એ ધારામાં સ્વજનો આગળ ન વધ્યા, એ પાછળ રહી ગયા, એમની દ્રષ્ટિ જુદી છે, એમનું દેખાતું જુદું છે, એમના પંથ જુદા છે, તો OPINION GAP થવાનો જ છે. [વૈચારિક મતભેદ]

મા-બાપ ના પાડે એટલા મુદ્દે જ દીક્ષા ન લઈ શકાતી હોય, તો MAJORITY મા-બાપોની બરોબર હા હોતી જ નથી, હા હોય છે એ પણ દિલથી હા હોતી જ નથી, આગમમાં જ્યાં જ્યાં દીક્ષાર્થી દીક્ષાની રજા માગે, આવી ઘટનાનું જ્યાં પણ વર્ણન છે એ શાલિભદ્ર-હોય, ધન્ના હોય, મેઘકુમાર હોય, જમાલી હોય, એ જે પણ હોય, આગમમાં જ્યાં જ્યાં આ વર્ણન-

છે. છેલ્લે એવું આવે છે, કે ઘણું બધું સમજાવવા છતાં, જ્યાં એ લોકો દીકરાને સમજાવી શકતા નથી,

तया अकामं चेव अणुमन्नित्था।

અનિચ્છા એ તેઓ દીક્ષા લેવાની રજા આપે છે. તો મા-બાપની ઈચ્છા ન હોય એવું ન જ કરવું, આવું ભગવાન કહેતા નથી. આવું શાસ્ત્ર પણ કહેતા નથી. શાસ્ત્ર એમ કહે છે કે જેમાં બધાનું હિત હોય એવું કરવું, અને બધાનું હિત શેમાં છે તો,

## સંયમના માર્ગે સંચરવામાં છે!

આમાં ક્યાંક અપવાદ છે, કે ભાઈ એટલું બધું હેવું હોય, અને દીક્ષા લે તો શાસનની અપભ્રાજના થાય, તો એમને ત્યારે દીક્ષા ન આપવી જોઈએ, એની વાત આપણને દીક્ષાર્થી ની યોગ્યતા ના સૂત્રમાં આવી ગઈ. તો એવી જ્યાં બાબત નથી, જ્યાં મોહ વશ, લાગણી વશ, અજ્ઞાન વશ, જ્યાં ના પાડવામાં આવે છે, ત્યાં પણ મા-બાપના મોઢા સામે જોઈને બેઠા રહેવું, એ શાસ્ત્રાજ્ઞા,

સર્વજ્ઞની આજ્ઞા, અને આત્માનું હિત, અને સ્વજનોનું હિત, આ ચારેની વિરુદ્ધ પ્રવૃત્તિ છે. માટે આવું હરગીઝ થઈ શકે નહિ. જ્યારે તમે એમ બોલો છો ભાગી ને દીક્ષા ન જ લેવાય, ત્યારે તમે તમારી જાતને,

ભગવાન કરતા વધારે સમજદાર સાબિત કરી રહ્યા છો.

જ્યારે તમે બોલો છો, મા-બાપને રડાવીને દીક્ષા લે એ બહુ જ ખોટું કહેવાય, ત્યારે તમે ઉત્સુત્ર પ્રરૂપણા કરીને, બની શકે, એક વાક્યની અંદર,

તમારી ભુવનભરની આરાધનાને ભસ્મીભુત કરીને

તમે તમારો અનંત સંસાર વધારી રહ્યા હો!

જ્યારે તમે એમ બોલો, મા-બાપ રાજી-ખુશીથી રજા આપે તો જ દીક્ષા લેવાય, ત્યારે એ બોલવાની પીઠે અર્થ એમ થાય છે, કે ભાગીને લેવાતી,

મોટાભાગની દીક્ષાઓ ખોટી છે!

દીક્ષા આપનાર ગુરુ ભગવંતો ખોટા છે. દીક્ષાર્થીની જે પ્રવૃત્તિ ખોટી છે, એનાથી એના આત્માનું અહિત છે. અને આવું બોલવા દ્વારા INDIRECTLY પણ, શાસ્ત્રીય ગુરુ ભગવંતો ની, અઢીદ્વીપના સમસ્ત દીક્ષીત ભગવંતોની આશાતના આપણા દ્વારા થઈ રહી છે.

પહેલું આપણે બોલવાની એ જરૂર હોય છે કે આપણે કાંઈ ભણ્યા-ગણ્યા નથી, શાસ્ત્રી ! આપણને કાંઈ ખબર પડતી નથી, આડું તેડું કાંઈ બોલાઈ જાયને આપણો સંસાર-વધી જાય, એના કરતા આપણા ઘરમાં આ MATTER આવી છે, ચાલો ને આપણે-આપણા ગુરુદેવને પુછી લઈએ. તમને કંઈ એવું લાગતું હોય તમે ત્રણ ગીતાર્થ ગુરુ ભગવંતો ને પુછો, તમારા કોઈ ગુરુ નથી તમે પંચે-નીઓ, ત્રણ-ચાર ગુરુ ભગવંતો નું. એમની સલાહ તમે લો, સાહેબ આવુ.. આવુ છે, આમાં શાસ્ત્ર દ્રષ્ટિએ શું કહેવામાં આવે છે. આટલી પણ આપણી ભુમિકા ન હોય, તો ખરેખર એને ધૃષ્ટતા કહેવાય કે, નહિ, એનો વિચાર આપણે કરવો જોઈએ.

ડૉક્ટર ને બધી OPERATION કરવાની સલાહ-
આપીએ, નિદાન કરવાની સલાહ આપીએ, કે
ડૉક્ટર સાહેબ આત્ર નહિ આત્ર નિદાન છે,
ના આત્ર તો કાંઈ ભણ્યા નથી અમે, કૉમર્સ-
માં હતા ને મોડ-મોડ પાસ થયા છીએ. પણ
અમને આવુ લાગે છે ને આવુ જ હોય.

બહુ ગંભીરતાથી આપણે વિચાર-
વાની એ જરૂર છે, કે જ્યાં વાત ધર્મની છે,
જેમાં આપણો એવો અભ્યાસ નથી, જ્ઞાન નથી,
ઈધર-ઉધરથી કાંઈ સાંભળ્યું, ભણ્યું, વિચાર્યું ને
એના આધારે આપણે નવું શાસ્ત્ર બનાવીએ,
એ કેટલું ઉચિત ? અને ભોળા આત્માનો
દીક્ષા લેશે, નહિ લે, જે ભગવાને જોયું હશે
એ થશે, પણ એક NEGATIVE OPINION
આપીને, વચ્ચે ટાંગ અડાડીને, આડુ તેડુ બોલીને
કોઈના મોટેની ચર્ચા કરીને, કોઈ લેવા દેવા એ
ન હોય, અને અભિપ્રાયો આપવા, એક-
આવા દીક્ષા લેતો હોય, અને તો આંખમાં
આંસુ સાથે એની અનુમોદના કરજો, મોટી
ઈર્ષ્યા કરજો, કંઈક તમારું પુણ્ય પહોંચતું હોય,

25.09.2021

કંઈક એમાં SUPPORT આપશો, મન, વચન, કાયાથી એક પણ રીતે, સંયમના માર્ગ વિરુદ્ધ વિચાર સુધ્ધા તમે કર્યો છે, એનાથી તમારા

## આત્માનું ઘોર અહિત થશે !

આટલું નક્કી સમજી ને રાખજો. એનાથી ફફડજો, એનાથી ગભરાજો, કશું તમારું ચાલે નહિ તો, WALK OUT કરી જજો, પણ એમાં વિરોધ નોંધાવવાનું પાપ, એના માટે ઘસાતુ બોલવાનું પાપ, એમાં થોડો ઓછો ઉલ્લાસ દેખાડવાનું - પાપ, જિંદગીમાં કદી કરશો નહિ, આજે સમય વધી છે, આજે આટલું રાખીએ.

x x x x

26.09.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - 30

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, વાત કરે છે કે એ-રજ ન મળે તો

ग्लानौषधादिज्ञातात्त्यागः।

એનાથી રજ વગર પણ દીક્ષા લઈ શકાય. આગળ વધે છે. બત્રીસમું સૂત્ર,

तथा गुरुनिवेदनम्।

ગુરુને નિવેદન કરવું, આ એક શાસ્ત્રીય પરિભાષા છે, અહીંયા નિવેદનમાં કોઈ STATEMENT નથી આપવાનું, કોઈ REPORT નથી આપવાનો, કોઈ વિનંતી નથી કરવાની, નિવેદન એ શાસ્ત્રીય પરિભાષાનો શબ્દ છે. જેનું FULL FORM છે, આત્મ નિવેદન, અને જેનો સીધો અર્થ છે,

## આત્મ સમર્પણ!

આપણે ગુરુ કરીએ છીએ પણ ગુરુ નિવેદન નથી કરતા હોતા,

गुरुनिवेदितात्मा यः।

શિષ્ય એને કહેવાય કે જેણે પોતાની જાત ગુરુને સોંપી દીધી છે. આપણી પાસે છે તો,

શરતી શિષ્યત્વ છે!

તમે મારી ધારણા મુજબનું માર્ગદર્શન આપો તો તમે ગુરુ! તમે મને સાચવો તો તમે ગુરુ! તમે મારી સાથે એકાંશ ત્યાંથી વ્યવહાર કરતા-રહો, તો તમે ગુરુ!

સાધુ બોલો. વ્યાખ્યાનમાં હું એ ચાબખા મારતો હોઉં, મશીનગન જેવા શબ્દો-ચલાવતો હોઉં, પણ હવામાં ગોળીબાર હોય એટલે તમને વાંધો ન આવે. તમારામાંથી કોઈને ઉભા કરીને આવો ગોળીબાર કર્યો હોય તો શું થાય? પગ ભારે થઈ જાય તમારો બીજુ વાર. કદાચ અત્યારે સામે ન બોલો, તમને ઉભા નથી કર્યા પણ-બરાબર તમારી સામે એઈ- એઈને ગોળીબાર કર્યો, શું હાલત થાય?

આપણી પાસે વેરતી ! શક્યતા છે!

એ બને તો ની વાત છે. આપણે ગુરુ માટે એક રેખા દોરી દીધી છે, કે આ મારી દોરેલી રેખા, જો એમાં તમે BALANCE રાખીને ચાલો, તો તમે ગુરુ. આપણી પાસે આ વાત છે.

દીક્ષા કઈ રીતે નિષ્ફળ જાય છે, એની વાત મારે તમને કરવી છે. એક મુમુક્ષુ છે, ગુરુ.. ગુરુ.. ગુરુ.. કરે છે ને, મમ્મી એ ગુરુ છે, પપ્પાએ ગુરુ છે, મિત્રએ ગુરુ છે, ઘર એ ય ગુરુ છે, પરિવાર ગુરુ છે, પૈસો ગુરુ છે, આખો ગુરુમય થઈ ગયો છે. અને એ જ મુમુક્ષુ દીક્ષા લીધા પછી થોડા સમયે એને ગુરુ સાથે તકલીફ પડે, વાંધો આવે, આ બરાબર નથી, તે બરાબર નથી, આવુ એને લાગે, આના મૂળની અંદર ગુરુના દોષ કરતા, ગુરુની ભૂલ કરતા, ગુરુ સાથે રહ્યા જ હતા વરસ, બે વરસ, બધુ એવું હતું જે એવું હતું એ જ છે, બીજું તો કાંઈ છે નહિ, બે વરસ સુધી ગુરુ એ બીજો રોલ કર્યો ને હવે રોલ બદલાયો એવી તો વાત છે જ નહિ, એ જ રોલ ચાલુ હોય છે. પણ શરતી શિષ્યત્વ હતું, ગુરુ ના શબ્દો ક્યાંક ગમ્યા નહિ, ગુરુની રીત ના ગમી, ગુરુનો ઠપકો ના ગમ્યો, એમને જે કરવું હતું ને, ગુરુ એ આ-આજ્ઞા કરી, ત્યાં વાંધો પડ્યો, તિરાડ પડી, અંતર વધતું ગયું, ગુરુ શિષ્યનો મેળ રહ્યો-નહિ, મૂળમાં શરતી શિષ્યત્વ !

જે શિષ્ય છૂટા પડે છે એ ખરેખર કદી ભેગા થયા હોતા જ નથી ! જેનું શિષ્યત્વ મરી જાય છે, એનું શિષ્યત્વ પહેલા પણ કદી પેદા જ થયું હોતું નથી. જ્યાં છૂટા છેડા થાય છે, ત્યાં ખરા લગ્ન જ થયા હોતા નથી. જ્યાં વાંકુ પડે છે, ત્યાં ખરેખર સીધું જ પડ્યું હોતું નથી. જ્યાં ગુરુ ઉપરથી મન ઉતરી જાય છે, ત્યાં કદી ગુરુમાં મન આવ્યું જ હોતું નથી. જ્યારે ગુરુની વાત ન ગમવાની શરૂઆત થાય છે, ત્યારે પુરવાર થાય છે કે પહેલા પણ કદી ગુરુની વાત તો ગમી જ ન હતી, પણ જે આપણી પોતાની પસંદ હતી, માટે આપણને એવું લાગ્યું કે, આપણને ગુરુની વાત ગમી. ગુરુ આ કહીને એકદમ આનંદ થઈ જાય, એનો અર્થ એ છે કે ગુરુ કંઈપણ કહે તો આનંદ થાય એવી શિષ્યત્વની ભૂમિકા જ નથી. શિષ્યને બહુ જ મન હતું, કે મારે ઓળી કરવી છે, અને ગુરુ પાસે રજા માંગી, અથવા ગુરુએ સામેથી કહ્યું કે ભલે તમે ઓળી કરો ને એકદમ આનંદ થઈ જાય. આ જ કષાયનો આનંદ, ગુરુ કહે તમારે ઓળી નથી કરવાની, પણ તમારે આ તપ કરવાનો છે, એમાંય એટલો

જ આનંદ થઈ જાય, ત્યારે ખરેખર ગુરુ સમર્પણ છે.
ગમતી આજ્ઞા જ્યારે આપણે માનીએ છીએ, ત્યારે એક અપેક્ષા એ આપણે, આપણને અને ગુરુ ને છેતરીએ છીએ, કે આપણે સમર્પિત છીએ. ગમતી આજ્ઞા માનીએ છીએ ત્યારે, આપણે-હકીકતમાં ગુરુ ને નહિ, ગમા ને માનીએ છીએ. ગમતી આજ્ઞા માનીએ છીએ ત્યારે, હકીકતમાં આપણે જિનશાસનને નહિ, રાગ-દ્વેષને માનીએ છીએ. ગમતી આજ્ઞા માનીએ છીએ, ત્યારે-હકીકતમાં, સુક્ષ્મ સ્તરે મોહરાજનું માનીએ છીએ. અને જ્યાં સુધી ગુરુ આપણી દોરેલી ખાંડાની-ધાર ઉપર ચાલતા રહેશે, ત્યાં સુધી ગમતી જ આજ્ઞા થશે, અને ગમતી જ આજ્ઞા કરતા રહે, એને ગુરુ પણ કહેવાય કે નહિ, આનો વિચાર કોણ કરે ?

આત્મનિરીક્ષણ કરો, કેટલી આરાધના-ગુરુની આજ્ઞાથી, કેટલી આરાધના આપણી-ઈચ્છાથી ! આત્મ નિરીક્ષણ કરો, કેટલું દાન-ગુરુની ઈચ્છાથી, કેટલું દાન આપણી ઈચ્છાથી ! આત્મ નિરીક્ષણ કરો, કેટલો તપ ગુરુની ઈચ્છાથી,

કેટલો તપ આપણી ઈચ્છાથી! અનાદિકાળ થી-
સતત આપણી એટલી ભૂલ છે.

## મારો ગુરુ તો હું જ હોઈ શકું!

બીજા કોઈ ગુરુ મને જોઈતા નથી. આ ભવની અંદર પણ આ ભૂલ, બીજા પછી પણ આ ભૂલ, તમે મારા મન ગુરુ ને અનુકૂળ રહો તો તમે મારા નામના ગુરુ. નહિ તો તમે મારા નામના પણ ગુરુ નહિ, આ આપણી ગુરુ સાથેનો સીધો સોદો છે. એ અને તો વાળો, CONDITIONAL, શરતી, એવું ગુરુત્વ, એવું શિષ્યત્વ, એનાથી સંયમ જીવન કે શ્રાવક જીવન જો કદી પણ સફળ થઈ શકે એમ નથી.

લોહી થી ખરડાયેલું વસ્ત્ર, જો એ લોહીથી ધોઈ શકાય, ચોક્ખું કરી શકાય, પાછુ એકદમ ઉજ્જવળ કરી શકાય, તો આપણા વિચારો થી, આપણા આત્માનો ઉધ્ધાર થઈ શકે.

**આપણા વિચારોથી તો આપણે ખરડાયેલા છીએ!**

આપણા રાગ-દ્વેષના કારણે આપણે મલિન છીએ.
અને એ જ રાગ-દ્વેષ સાથે આપણે સાધના કરવી
છે, આરાધના કરવી છે, સંયમ જીવન જીવવું છે,
શ્રાવક જીવન જીવવું છે, જેનો સીધો અર્થ એ
છે કે આપણે લોહીથી ખરડાયેલા વસ્ત્ર ને, -
લોહીથી જ ધોવું છે.

આપણી પાસે સીધું ગણિત આ છે,
જેમ પેલા અકબરના માણસ પાસે ગણિત હતું,
સીદી ભાઈને સીદકા વહાલાં
કહેવત પડી ગઈ, સાવ કદરૂપો છોકરો પણ મારો
છોકરો એટલે હિન્દી નો BEST છોકરો. બરાબર
એ જ રીતે

## મારો વિચાર એટલે BEST વિચાર!

મારું લોહી જે હું ધોવા માટે ઉપયોગ કરું છું એ
દુનિયાનું BEST પાણી! એમાં જે રીતે કપડા -
ધોવાય એ બીજી રીતે ધોઈ જ ના શકાય. પણ
આપણે SIMPLE આટલો વિચાર કરી નથી -
શકતા કે, લોહી એ પાણી કઈ રીતે બની શકે?

અને લીંકીથી કપડા ધોઈ કઈ રીતે શકાય. અને ધોવામાં પાગ જાવે તો એનું ફળ શું ? તમે બધા પાપી નથી, વ્યસની નથી, ખુબ જ ઉચ્ચ આરાધક, એવા તમે બધા છો. હવે તમે ક્યાં-અટકી છો, કેમ ત્યાં જ છો, મહાત્મા હોય એમનું સયંમ સ્થાન કેમ ત્યાં જ. તમારી-પરિણતિ, તમારું આત્મ સ્તર કેમ ત્યાં જ, તમે ક્યાં અટકી છો, કેમ આગળ નથી વધતા, એની વાત મારે તમને કરવી છે.

એક મહાપાપી જીવ છે, વ્યસનોમાં ડુબેલો છે, હિંસામાં ડુબેલો છે, પાપોમાં ડુબેલો છે, એની આ વાત નથી. જે પ્રબુધ્ધ છે, જે ધર્મી છે, એ હવે જ્યાં અટકી ગયા છે, એમે આગળ વધારવા માટે હવે આ વાત કરવાની છે. એટલે હરીભદ્રસૂરી મહારાજએ ષોડશક પ્રકરણ-ગ્રંથની અંદર, બીજા ષોડશકમાં ગુરુએ કોને-કઈ દેશના આપવી, એના સંદર્ભમાં કહ્યું,

બાહ્યચરણપ્રધાના કર્તવ્યા દેશનેહ બાલસ્ય

બહાર જીવ છે એને બાહ્ય આચારોની વાત કરવાની, આગળ વધીને મધ્યમ જીવ છે, એની પ્રવચન માતા

પાલન વગેરે વગેરે સૂક્ષ્મ આચારોની વાત કરવાની. આગળ વધીને પંડિત જીવ છે, પ્રબુદ્ધ જીવ છો, એને શું કહેવાનું ? હરીભદ્રસૂરી મહારાજ ના - શબ્દો છે,

વચનારાધનયા ખલુ ધર્મ - સ્તદ્‌બાધયા ત્વધર્મ ઇતિ ।

વચનની આરાધના કરવામાં આવે, ગુરુના વચનને બરાબર વળગવામાં આવે, પકડવામાં આવે, પ્રભુ - વચન સમજવામાં આવે, ભગવાનનું વચન - સમજવામાં આવે, એને એકદમ વળગીને રહેવામાં - આવે, એમાં કોઈ પણ પરિસ્થિતિમાં આઘુંપાછું કરવાની તૈયારી ના હોય, એનું નામ ધર્મ!

તદ્‌બાધયા ત્વધર્મ ઇતિ

અને વચનની બાધા થાય, એનું નામ અધર્મ ! ઘણા આગળ વધ્યા પછી પણ આપણી આ ભૂમિકા - હોય કે મારું મન સચવાય, એનું નામ ધર્મ, અને મન મારું કચવાય, એનું નામ અધર્મ, તો સમજી લો,

## ભગવાનની દ્રષ્ટિમાં આપણે ધર્મી નથી !

આરાધનાના ક્ષેત્રમાં આવ્યા પછી, જીવનમાં આરાધનાને

મોટી સમર્થ શક્તિ આપ્યા પછી પણ, જીવ જ્યારે અહીંયા અટકી જાય છે, ને આગળ વધી શકતો નથી, તમે નક્કી સમજુ રાખો, તમે ગમે તેટલી આરાધના કરો, આ ભૂમિકા ન આવે, ત્યાં સુધી મોક્ષ નથી. અને આ ભૂમિકા ન-આવે, તો જે કર્યું એ પણ નિષ્ફળ જવાનું, એ પણ નક્કી!

હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य।

ધર્મનું કંઈ રહસ્ય હોય, ધર્મનું કંઈ ગુપ્ત હોય, ધર્મની અત્યંત ગુપ્ત કોઈ વાત હોય તો એ આજ છે.

## વચનની આરાધના એનું નામ ધર્મ!

વચનની વિરાધના, ઉપેક્ષા, આંખ આડા કાન કરવા, ગુરુ મહારાજ તો કહે, મન ફાવે એમ કરવું આનું નામ અધર્મ! હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति।

ટીપ. ગુરુ નું વચન આપણા હૃદયની અંદર હોય, તો સમજુ સો કે ભગવાન જ આપણા હૃદયની અંદર છે.

हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः।
અને એ જ જો આપણા હૃદયની અંદર છે, ભગવાનનું વચન, ગુરુનું વચન, વેષ સ્વરૂપે-સાક્ષાત પરમાત્મા, આપણા હૃદયમાં હોય, તો સમજુ લો કે બધા જ પ્રયોજનોની સિદ્ધિ થશે. મુજ માટે તમે ગુરુવચનની અવગણના કરી રહ્યાં છો તો સમજુ લો તમે મુજની અવગણના કરી રહ્યા છો, કારણકે મુજ પણ,

## ગુરુના વચનના પાલનથી જ મળશે!

તમારી અનુકૂળતા નથી, સગવડ નથી, ગમો નથી, મન નથી, અને માટે તમે ગુરુવચનની અવગણના કરો છો, સમજુ લો પ્રતિકુળતા આ વધશે જ. સમજુ લો અગવડ વધશે. સમજુ લો તમારા મનનો ઉચાટ વધશે. જે ગુરુ વચનની અવગણના કરો છો તો!

સંસારના કુવામાંથી બહાર નીકળવા, મોક્ષે જવા માટે મળેલું, આપણને એક માત્ર દોરડું હોય તો એ આપણા ગુરુ મહારાજ નું વચન છે.

૨૬.૦૯.૨૦૨૧

બીજું બધું જ ફીસ-ફુસ છે, તકલાદી છે, ભ્રામક છે, આરાધના લાગે તો પણ આરાધના નથી, વિરાધના છે, ભ્રમણા છે જેનાથી આપણા આત્માને કોઈ જ ફાયદો નથી.

ધર્માચાર્ય બહુમાન કુલકમાં બહુ સ્પષ્ટ કહ્યું,

आराहणाओ गुरुणो अवरं नत्थीह किं पि अमिअं।

ગુરુના વચનની આરાધના જેવો દુનિયામાં બીજું કોઈ અમૃત નથી.

तस्स य विराहणाओ बीयं हलाहलं नत्थि।।

અને ગુરુના વચનની વિરાધના જેવું હળાહળ ઝેર દુનિયાની અંદર બીજું કોઈ જ નથી.

गुरुनिवेदनमे।

ગુરુને આત્મ નિવેદન કરવું, ગુરુને આત્મ સમર્પણ કરવું. જેનાથી

**આત્મ કલ્યાણની ભૂમિકા રચાય છે !**

એના માટે પ્રયાસ કરીએ, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !